# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-04-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

**************************************************

1) ભારતીય અવકાશયાત્રી આંતરરાષ્ટ્રીય અવકાશ મિશનના ભાગરૂપે આવતા મહિને આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન જશે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટેસ્લાના CEO એલન મસ્ક સાથે ટેકનોલોજી અને નવીનતાના ક્ષેત્રોમાં સહયોગ અંગે ચર્ચા કરી.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે છત્તીસગઢના બીજાપુર જિલ્લામાંથી 22 નક્સલવાદીઓની શસ્ત્રો અને વિસ્ફોટક સાથે ધરપકડ કરાઈ.

4) ઇલેક્ટ્રોનિક્સ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે છેલ્લા 10 વર્ષમાં ઇલેક્ટ્રોનિક ઉત્પાદનમાં પાંચ ગણો વધારો થયો.

5) આજે ગુડ ફ્રાઈડે છે. ભગવાન ઈસુ ખ્રિસ્તને સુળી પર ચઢાવવાની યાદમાં ગુડ ફ્રાઈડે ઉજવવામાં આવી રહ્યો છે.

6) I.P.L. ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને પંજાબ કિંગ્સ વચ્ચેની મેચ વરસાદનાં કારણે શરૂ થઈ શકી નથી.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે આવતીકાલે સવારે ૭ વાગ્યેને ૧૦ મિનિટે આપ પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# INDIA - SPACE MISSION

ભારત તેની અવકાશ યાત્રામાં ફરી એકવાર ઇતિહાસ રચવા જઈ રહ્યું છે. એક ભારતીય અવકાશયાત્રી આંતરરાષ્ટ્રીય અવકાશ મિશનના ભાગ રૂપે આવતા મહિને આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન (ISS) જશે. ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા એક્સિઓમ સ્પેસ મિશન AXY-4 નો ભાગ બનશે.

આ જાહેરાત કરતા, અવકાશ અને પરમાણુ ઉર્જા રાજ્યમંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું કે આ મિશન દ્વારા ભારત તેની અવકાશ યાત્રામાં એક નવો અધ્યાય લખવા જઈ રહ્યું છે. આગામી મહિનાઓમાં ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઇસરો) ની મુખ્ય ભાવિ યોજનાઓની સમીક્ષા કરવા માટે નવી દિલ્હીમાં એક ઉચ્ચ-સ્તરીય બેઠક બાદ, ડૉ. સિંહે કહ્યું કે દેશ અવકાશમાં આગામી સીમાચિહ્ન પાર કરવા માટે તૈયાર છે. શ્રી સિંહે આગામી માનવ અવકાશ ઉડાન અને ISROના અનેક મહત્વપૂર્ણ મિશનનો પણ ઉલ્લેખ કર્યો. ડૉ. સિંહે કહ્યું કે આ પ્રયાસ માત્ર વૈજ્ઞાનિક જ નથી પણ આત્મનિર્ભર ભારત અને વિકાસના વિઝન સાથે પણ સુસંગત છે.

# Prime Minister Musk

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટેસ્લાના મુખ્ય કાર્યકારી અધિકારી એલન મસ્ક સાથે ટેકનોલોજી અને નવીનતાના ક્ષેત્રોમાં સહયોગ અંગે ચર્ચા કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે શ્રી મસ્ક સાથેની ચર્ચામાં આ વર્ષની શરૂઆતમાં વોશિંગ્ટન ડીસીમાં તેમની સાથે થયેલા મુદ્દાઓ સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. શ્રી મોદીએ ટેકનોલોજી અને નવીનતાના ક્ષેત્રમાં અમેરિકા સાથે ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની ભારતની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.

# PM BOOK LAUNCH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સંકલિત સંસ્કૃતિ પરના વિચારો અને ભાષણો પર આધારિત પુસ્તક 'સંસ્કૃતિ કા પાંચવા અધ્યાય' નું આજે નવી દિલ્હીમાં વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તક પ્રધાનમંત્રી મોદી દ્વારા વિવિધ પ્રસંગોએ આપવામાં આવેલા ભાષણોનો સંગ્રહ છે, જે ભારતીય સંસ્કૃતિ, પરંપરાઓ, આધ્યાત્મિક મૂલ્યો અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરે છે.

આ પુસ્તકનું વિમોચન જુના અખાડાના પ્રમુખ આચાર્ય મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદ ગિરી મહારાજે કર્યું.

આ કાર્યક્રમની અધ્યક્ષતા કરતા રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશે દેશની સંસ્કૃતિ, પરંપરાઓ, આધ્યાત્મિક મૂલ્યો અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવા માટે પ્રધાનમંત્રી મોદીના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

# Prime Minister Geeta UNESCO

શ્રીમદ્ ભગવદ્ ગીતા અને ભરત મુનિના નાટ્યશાસ્ત્રને યુનેસ્કોના મેમરી ઓફ ધ વર્લ્ડ રજિસ્ટરમાં સામેલ કરવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત દ્વારા સોશિયલ મીડિયા પરની એક પોસ્ટનો જવાબ આપતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેની પ્રશંસા કરતા કહ્યું કે આનાથી ભારતના સમયાતીત જ્ઞાન અને સમૃદ્ધ સંસ્કૃતિને વૈશ્વિક માન્યતા મળી છે.

# HM-NAXALITES CHATTISGARH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે કોબ્રા કમાન્ડો અને છત્તીસગઢ પોલીસે છત્તીસગઢના બીજાપુર જિલ્લામાંથી 22 નક્સલવાદીઓની આધુનિક શસ્ત્રો અને વિસ્ફોટક સામગ્રી સાથે ધરપકડ કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે કહ્યું કે સુકમાની બડેસેટ્ટી પંચાયતમાં ઘણા નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે, જેના કારણે આ પંચાયત સંપૂર્ણપણે નક્સલ મુક્ત બની ગઈ છે. તેમણે નક્સલવાદીઓને અપીલ કરી કે તેઓ શક્ય તેટલી વહેલી તકે પોતાના હથિયારો છોડી દે અને સરકારની શરણાગતિ નીતિ અપનાવીને મુખ્ય પ્રવાહમાં જોડાય. ગૃહમંત્રીએ કહ્યું કે સરકાર આવતા વર્ષે 31 માર્ચ પહેલા દેશને નક્સલવાદના અભિશાપમાંથી મુક્ત કરવા માટે પ્રતિબદ્ધ છે.

# mumbai e-waves review meeting

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને પહેલી થી ચોથી મે દરમિયાન મુંબઈમાં યોજાનારી વિશ્વ ઑડિઓ-વિઝ્યુઅલ અને મનોરંજન પરિષદની ચાલી રહેલી તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકારના નોડલ અધિકારીઓએ ભાગ લીધો હતો.

# Vaishnav Electronics

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે છેલ્લા 10 વર્ષમાં ઇલેક્ટ્રોનિક ઉત્પાદનમાં પાંચ ગણો વધારો થયો છે. આજે ગુડગાંવના માનેસરમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે મેક ઇન ઇન્ડિયા પહેલથી ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્ષેત્રમાં મોટો વધારો થયો છે.

(બાઇટ - અશ્વિની વૈષ્ણવ)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ANURAG THAKUR

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભાજપ નેતા અનુરાગ ઠાકુરે નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ પક્ષ પર નિશાન સાધ્યું છે. નવી દિલ્હીમાં આ મુદ્દા પર પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે નેશનલ હેરાલ્ડનું નામ સાંભળીને કોંગ્રેસ પક્ષમાં ખળભળાટ મચી ગયો છે.

(બાઈટ : અનુરાગ ઠાકુર)

# GOOD FRIDAY

આજે ગુડ ફ્રાઈડે છે. ભગવાન ઈસુ ખ્રિસ્તને સુળી પર ચઢાવવાની યાદમાં ગુડ ફ્રાઈડે ઉજવવામાં આવે છે. આ દિવસે ભગવાન ઈસુએ માનવજાતને પાપોથી મુક્ત કરવા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુડ ફ્રાઈડે પર ભગવાન ઈસુ ખ્રિસ્તના બલિદાનને યાદ કરતાં સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે આ દિવસ આપણને પ્રેમ, કરુણા, દયા અને ઉદારતા માટે પ્રેરણા આપે છે.

ખ્રિસ્તી બહુમતી ધરાવતા રાજ્ય મિઝોરમમાં પણ ગુડ ફ્રાઈડે ધાર્મિક ભક્તિભાવ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. ગુડ ફ્રાઈડેની ખાસ પ્રાર્થનામાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

# PM TEG BAHADUR

આજે નવમા શીખ ગુરુ, તેગ બહાદુર સાહેબજીની જન્મજયંતિ છે. તેઓ છઠ્ઠા ગુરુ હરગોવિંદ સાહેબજીના સૌથી નાના પુત્ર હતા. તેમના પ્રકાશ પર્વ પર પંજાબમાં શબ્દ કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુદ્વારાઓમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા અને પવિત્ર ગુરુબાની સાંભળવા માટે આવી પહોંચ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુ તેગ બહાદુરને તેમના પ્રકાશ પર્વ પર શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે ગુરુ તેગ બહાદુરને દેશના મહાન આધ્યાત્મિક માર્ગદર્શકોમાંના એક ગણાવ્યા.

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને પંજાબ કિંગ્સ વચ્ચેની મેંચ વરસાદનાં કારણે શરૂ થઈ શકી નથી. બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે નિર્ધારિત આ મેચમાં હજુ ટોસ ઉછાળવાનો પણ બાકી છે.

# Squash

ભારતના વીર ચોટરાણીએ સ્ક્વોશમાં મલેશિયાના મોહમ્મદ સ્યાફિક કમાલને હરાવીને મલેશિયામાં વિશ્વ ચેમ્પિયનશિપ એશિયા ક્વોલિફાયર્સની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો.

જોકે, મહિલા સિંગલ્સમાં, તન્વી ખન્ના ક્વાર્ટર ફાઇનલમાં હોંગકોંગની હેલેન તાંગ સામે હારીને સ્પર્ધામાંથી બહાર થઈ ગઈ.

# imd

ભારતીય હવામાન વિભાગ (IMD) એ ગુજરાત, દીવ, દમણ અને દાદરા અને નગર હવેલી માટે સાત દિવસ માટે એલર્ટ જાહેર કર્યું છે. "સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં આવતીકાલે અને તે પછી રાજકોટ અને કચ્છના અલગ અલગ સ્થળોએ ગરમીનું મોજું અને ઝડપી પવન ફૂંકાશે, જેમાં પવનની ગતિ 20-30 કિમી પ્રતિ કલાકની ઝડપે પહોંચશે," એમ હવામાન વિભાગે જણાવ્યું હતું. આખા અઠવાડિયા દરમિયાન રાજ્યભરમાં શુષ્ક હવામાન રહેશે.

# USA-WTO-India Tariff

અમેરિકાએ વિશ્વ વેપાર સંગઠન (WTO) ને જણાવ્યું છે કે સ્ટીલ અને એલ્યુમિનિયમ પર લાદવામાં આવેલી જકાત તેની રાષ્ટ્રીય સુરક્ષા ચિંતાઓ પર આધારિત છે, નહીં કે સુરક્ષા પગલાં પર. ભારતે આ મહિનાની 11મી તારીખે WTO સમક્ષ પરામર્શ માટે વિનંતી દાખલ કરી હતી. ભારતે દલીલ કરી હતી કે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ટેરિફને WTO નિયમો હેઠળ સુરક્ષા પગલાં તરીકે ગણવા જોઈએ.

WTO ને આપેલા જવાબમાં, અમેરિકાએ કહ્યું કે ટેરિફ અમેરિકી કાયદાની કલમ 232 હેઠળ રાષ્ટ્રીય સુરક્ષાના રક્ષણ માટે લાદવામાં આવ્યા હતા, નહીં કે 1974 ના વેપાર કાયદાની સુરક્ષા જોગવાઈઓ હેઠળ.

# Center-satellite based tolling

સરકારે આજે સેટેલાઇટ આધારિત ટોલ ફી અંગે સ્પષ્ટતા કરી છે. ૧ મેથી આ સિસ્ટમ શરૂ કરવા અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. સંબંધિત મીડિયા અહેવાલોને નકારી કાઢતા, માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે કહ્યું કે મંત્રાલય કે ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળે આ સંદર્ભમાં કોઈ નિર્ણય લીધો નથી.

મંત્રાલયે જણાવ્યું હતું કે ટોલ પ્લાઝા દ્વારા વાહનોની સીમલેસ, અવરોધ-મુક્ત અવરજવર સુનિશ્ચિત કરવા અને મુસાફરીનો સમય ઘટાડવા માટે, પસંદગીના ટોલ પ્લાઝા પર FASTag આધારિત સીમલેસ ઓટોમેટિક નંબર પ્લેટ ઓળખ ટોલ સિસ્ટમ લાગુ કરવામાં આવશે.